GJNV020003572025

**અરજદાર જાડેજા દિલીપસિંહ રણમલસિંહજીનું સીઝ કરેલ એકાઉન્ટ ખોલી આપવા બાબતની અરજી લગત હુકમ :–**

(૧) અરજદારે હાલની આ અરજી નવસારી ટાઉન પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૮૨૨૦૧૯૨૪૦૯૨૬/૨૦૨૪ થી નોંધાયેલ ઈ.પી.કો. કલમ–૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૭, ૧૧૪ મુજબના ગુનાના કામે સીઝ કરેલ (૧) કોટક મહિન્દ્રા બેંક, સ્ટેશન રોડ, ભુજ શાખાનો સેવિંગ્સ એકાઉન્ટ નં. ૭૫૪૫૨૪૮૩૭૯ જેનો આઈ.એફ.સી. કોડ નં. કેકેબીકે૦૦૦૩૦૩૬ તથા (૨) કોટક મહિન્દ્રા બેંક, સ્ટેશન રોડ, ભુજ શાખાનો કરંટ એકાઉન્ટ નં. ૯૨૭૧૧૧૧૧૧૧ જેનો આઈ.એફ.સી. કોડ નં. કેકેબીકે૦૦૦૩૦૩ વાળું ખાતુ તપાસ કરનાર અમલદાર ધ્વારા સીઝ કરવામાં આવેલ છે. જેને અનસીઝ (ખોલી આપવા) /રીએકટીવ/ઓપરેટ કરવા દેવા સારૂ હાલની અરજી દાખલ કરેલ છે. સદર અરજીના અરજદાર જણાવે છે કે, સદર એકાઉન્ટના એકાઉન્ટ હોલ્ડર પોતે છે તથા સદરહું એકાઉન્ટમાં જીવન પર્યંતની તમામ જમા પુંજી જમા છે જો સદર એકાઉન્ટ અનસીઝ કરવામાં ન આવે તો અરજદાર તથા તેમના પરિવારને રૂપિયા હોવા છતાં ભુખે મરવાનો વારો આવે તેમ છે તેમજ અરજદારના સમગ્ર વ્યવહાર એકાઉન્ટ ટુ એકાઉન્ટ થાય છે જેથી એકાઉન્ટ સીઝ રાખવામાં આવે તો તેઓને ધંધા–વેપારમાં નાણાંથી ન ભરપાઈ થઈ શકે તેવું નુકશાન

થાય તેમ છે. જેથી એકાઉન્ટ અનસીઝ કરવા હાલની અરજી દાખલ કરેલ છે.

(૨) આ કામે અરજદારે અરજી સાથે દસ્તાવેજી પુરાવા લીસ્ટથી અરજદારના આધારકાર્ડની નકલ, અરજદારના પાનકાર્ડની નકલ, અરજદારના કોટક મહિન્દ્રા બેંક, સ્ટેશન રોડ, ભુજ શાખાનો સેવિંગ્સ એકાઉન્ટ નં. ૭૫૪૫૨૪૮૩૭૯ ના બેંક સ્ટેટમેન્ટની નકલ તેમજ કોટક મહિન્દ્રા બેંક, સ્ટેશન રોડ, ભુજ શાખાનો કરંટ એકાઉન્ટ નં. ૯૨૭૧૧૧૧૧૧૧ ના બેંક સ્ટેટમેન્ટની નકલો રજૂ રાખેલ છે, જે તમામ ધ્યાને તથા લક્ષમાં લેવામાં આવેલ છે.

(૩) અરજદારની અરજી અન્વયે વિ.એ.પી.પી.શ્રી તથા અરજદારના વિ.વ.શ્રીને સાંભળ્યા, હાલની અરજી તથા કેસનુ રેકર્ડ તથા એફ.આઇ.આર. ની વિગતો વંચાણે લીધી. હાલના કામે અરજદારની અરજીના સંદર્ભે તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય મંગાવવામાં આવેલ છે જે વંચાણે લેતાં તેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ''આ કામના ફરીયાદીએ આ કામના <u>આરોપી નં.૧ પુર્વેશભાઈ રાજગોરના કાલીકા ડીઝાઈન સ્ટુડીયો નામના કેનેરા બેંક ખાતા નં.૦૨૨૬૨૦૧૦૧૬૪૮૮ માં રૂા. ૨૩,૦૦,૦૦૦/- તથા રૂા.૩,૬૨,૦૦૦/- તથા રૂા.૧,૮૮,૦૦૦/- મળી કુલ રૂા. ૨૮,૫૦,૦૦૦/- જમા કરાવેલ જે આરોપી નં.૧ ના ખાતામાંથી આ કામે અરજદાર/આરોપી નં.૨ દિલીપસિંહ જાડેજાના બેંક ખાતામાં રૂા.૫,૦૦,૦૦૦/-, રૂા. ૧૪,૦૦,૦૦૦/- તથા રૂા.૪,૦૦,૦૦૦/- મળી કુલ્લે રૂા. ૨૩,૦૦,૦૦૦/- ટ્રાન્સફર થયેલ હતા જે રૂપિયા રિકવર થયેલ નથી અને ફરીયાદીને આજદીન સુધી કાર મળેલ નથી કે રૂપિયા પણ પરત</u>

<u>મળેલ નથી</u> જેથી આ કામના અરજદાર/આરોપી દિલીપસિંહ રણમલસિંહજી જાડેજાનાઓનું બેંક એકાઉન્ટ ખોલી આપવામાં આવે તો આ કામના આરોપી/અરજદાર ફરી વાર આવા જ પ્રકારના ગુના કરે તેવી શકયતા નકારી શકાય તેમ નથી જેથી અરજદાર/આરોપી દિલીપસિંહ રણમલસિંહજી જાડેજાનું સીઝ કરેલ ભુજ શાખામાં ચાલી આવેલ એકાઉન્ટ ખોલી આપવા અભિપ્રાય થતો નથી'' તે મુજબનો નકારાત્મક અભિપ્રાય આપેલ છે.

વધુમાં હાલના કામના મૂળ ફરીયાદી કલ્પેશભાઈ જીતેન્દ્રભાઈ મિસ્ત્રીનાઓએ આંક-૦૮ થી સદરહું અરજદાર/આરોપીની બેંક એકાઉન્ટ ડિફ્રીઝીંગની અરજીનો લેખિતમાં વિરોધ તથા વાંધા-સુચનો રજૂ કરેલ છે જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, હાલની અરજ પ્રાથમિક રીતે પ્રિમેચ્યોર છે કારણ કે, મૂળભૂત કેસ ચલાવવાનો બાકી છે. હાલના કામે ૩૦ લાખ જેટલી માતબર રકમના ગુન્હાનો મુદ્દો છે. જે કેસની મિલકત છે અને તેજ ગુનાનો પુરાવો પણ છે આ કેસ એવો કેસ નથી જેમાં દેવું માત્ર વસુલ કરવાનું છે પણ આ કેસ વિશ્વાસઘાત, ચીટીંગ અને ફોર્જરી યાને બનાવટનો કેસ છે. જો સદરહું પૈસા રીલીઝ કરી દેવામાં આવશે તો ઈ.પી.કો. કલમ-૪૨૦, ૪૬૭, ૪૬૮ ના કામે મૂળ પુરાવાનો નાશ થશે અને તે મૂળભૂત કેસના ફરીયાદીને નુકશાન થશે. વધુમાં જણાવેલ છે કે, એકાઉન્ટ અને ગુના વચ્ચે સીધી કડીઓ મળે છે. સહઆરોપી પૂર્વેશ રાજગૌર પાસેથી પૈસા અરજદારના એકાઉન્ટમાં આવ્યા. આથી આ એકાઉન્ટ માત્ર ''પ્રોપર્ટી'' નથી. આ ગુનાની મુખ્ય નાણાંકીય સાબિતી છે. કોર્ટ આવી સાબિતી ટ્રાયલ દરમિયાન ખુલ્લી મુકી શકાતી નથી. જે પૈસા ગુનાના કામે બેંકમાં

છે તે કલમ–૪૨૦ ના ગુનામાં પ્રાથમિક પુરાવો છે અને ઈ.પી.કો. કલમ–૪૬૭, ૪૬૮ ના કામે આ જે પૈસા છે તે આરોપી પૂર્વેશના ખાતામાંથી આરોપી દિલીપસિંહના ખાતામાં ટ્રાન્સફર થયા છે. તે બંન્ને વચ્ચે સાંઠગાંઠ હતી તે અને ગુનામાં પૈસા કયાંથી કયાં ગયા છે તે સાબિત કરવા માટે મહત્વનો પુરાવો છે. વધુમાં આ કામે જે મૂળ ફરીયાદ છે તે ગુનાનું કામ હજુ કોર્ટમાં પ્રાથમિક તબકકામાં છે. જેથી જો ખાતુ ડિફ્રીઝ કે ચાલુ કરી દેવામાં આવશે તો તે ફરીયાદીને થતાં નુકશાનની ભરપાઈ શકય બને તેમ નથી અને મૂળ ફરીયાદીના બંધારણીય હકકો છીનવાય જશે. આમ, ઉપરોકત મુજબ ત.ક.અ. શ્રીએ રજૂ રાખેલ અભિપ્રાય તથા મૂળ ફરીયાદી ધ્વારા રજૂ કરવામાં આવેલ વાંધાઓ ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષના કેસ મુજબ ફરીયાદીએ આરોપી નં.૧ ના ખાતામાં જમા કરાવેલ રકમ આરોપી નં.૧ નાએ આરોપી નં.ર ના ખાતામાં ટ્રાન્સફર કરેલ છે. વિશેષમાં હાલના કેસમાં ઈ.પી.કો. કલમ–૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૭, ૧૧૪ મુજબનો આક્ષેપ છે તથા ફરીયાદીની રજૂઆત મુજબ આરોપીઓ એ તેમની સાથે ગુનાહિત વિશ્વાસઘાત અને ઠગાઈ કરી રૂા ૨૩,૦૦,૦૦૦/– જેટલી માતબર રકમ એકબીજાની મદદગારીથી પડાવી લીધેલ હોવાના આક્ષેપ છે અને હાલની અરજીમાં અરજદાર/આરોપીએ માંગણી કરેલ રકમ તેજ રકમ છે. અત્રે નોંધનીય હકીકત છે કે, આ કામે હાલના અરજદાર/આરોપી તથા સદર ગુનાના મૂળ ફરીયાદી બંન્ને ધ્વારા હાલના ગુનાના કામે ફ્રીઝ થયેલ રકમ રૂા ૨૩,૦૦,૦૦૦/– પોતાની હોવાનું કથન કરેલ છે. વિશેષમાં સદર ગુનાના કામે ઈન્સાફી કાર્યવાહી અને પુરાવો નોંધવાનો બાકી છે. જેથી હાલના ગુનાના કામે પુરાવો

નોંધ્યા સિવાય આ ગુનાની તપાસ દરમિયાન ફ્રીઝ કરવામાં આવેલ અને હાલની અરજીમાં માંગણી કર્યા મુજબની રકમ રૂા ૨૩,૦૦,૦૦૦/– કોની માલિકીના છે અને તે રકમ મેળવવા કોણ હકકદાર છે તેનો નિર્ણય હાલના તબકકે થઈ શકે તેમ નથી. જે સંજોગોમાં હાલની અરજીમાં અરજદારે માંગણી કર્યા મુજબ સદર રકમ વચગાળાની કસ્ટડીએ પરત સોંપવા માટે અને તે રીતે અરજદારે માંગણી કર્યા મુજબ બેંક ખાતા તથા તેમાંની રકમ અનસીઝ/અનફ્રીઝ કરવા માટે વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવાનું ન્યાયોચિત જણાતું નથી. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

– અરજદારની હાલની અરજી, આથી ''**નામંજૂર**'' કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

નવસારી.
તા. ૨૯/૦૭/૨૦૨૬

**(હર્ષદભાઈ શનાભાઈ ચાવડા)**
એડી.જયુડી.મેજી.ફ.ક. નવસારી
કોડ નં. જી.જે.૦૧૫૩૪